GJJN110002382026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૧૭/૦૩/૨૦૨૬. | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૭/૦૩/૨૦૨૬. | | |
| ફેસલ કર્યા તારીખ | ૨૯/૦૬/૨૦૨૬. | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૧૨ |

# ભેસાણના મહેરબાન મુખ્ય સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ભેસાણ.

| |
|---|
| **રેગ્યુલર દીવાની દાવા નંબર–૧૪/૨૦૨૬.** |
| **આંક–૩૨** |

મેનેજરશ્રી,
**સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા,**
બ્રાન્ચ–રાણપુર,તા.ભેસાણ,
જેની રીજયોનલ ઓફિસ જુનાગઢ મુકામે આવેલ છે.
અને હેડ ઓફીસ અમદાવાદ મુકામે આવેલ છે. **.......વાદી.**

**–:: વિરૂધ્ધ ::–**

**શ્રી મહેન્દ્રભાઈ વિરાભાઈ ભેડા,**
ઉ.વ.આ.૪૯,ધંધો–ખેતી,
રહે.બામણગઢ,ભેંસાણ,જી.જુનાગઢ. **....પ્રતિવાદી.**

**દાવો :–કાયદેસરની લેણી રકમ <u>રૂપિયા </u>રૂ.૧૯,૦૮,૧૧૨–૪૬ (અંકે રૂપિયા ઓગણીસ લાખ આઠ હજાર એકસો બાર અને છેતાલીસ પૈસા પુરા) <u>વસુલ મેળવવાનો દાવો.</u>**

| | |
|---|---|
| વાદી તરફેથી વિદ્વાન વકીલશ્રી | ડી.એમ.શાહ. |
| પ્રતિવાદીઓ તરફેથી વિદ્વાન વકીલશ્રી | એકતરફી |

## –:: ચુકાદો ::–

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,વાદી બેંક રાષ્ટ્રીયકૃત બેંક છે અને ભારતના જુદા જુદા શહેરોમાં શાખાઓ આવેલ છે અને તે પૈકી વાદી બેંકની એક શાખા રાણપુર, તા.ભેસાણ મુકામે આવેલ છે. વાદી બેન્ક બેન્કીંગ નુ કાર્ય કરતી જેવી કે ખેતી, વેપાર–ધંધા–રોજગાર– ઉધ્ધોગ, હાઉસીંગ, એજ્યુકેશન,તથા કાર લોન વગેરે ની લોન આપવા તેમજ ડીપોઝીટ સ્વિકારવા વગેરે તમામ પ્રકાર ના

કાર્ય કરતી બેન્ક છે. જેની રીજીયોનલ ઓફીસ જુનાગઢ તથા હેડ ઓફીસ અમદાવાદ મુકામે આવેલ છે.અને સદરહું બેંકના શાખાના બ્રાન્ચ મેનેજરે ફરજ અને સત્તાની રૂએ છોડવડી બ્રાન્ચના મેનેજર તરીકે વાદી બેંક વતી સદર દાવો પ્રતિવાદી વિરૂદ્ધ દાખલ કરેલ છે.

**(૧.૨)** વાદી બેન્ક ના કાર્યક્ષેત્રમાં ખેતી, વેપાર–ધંધા– રોજગાર–ઉદ્યોગ, હાઉસીંગ, એજયુકેશન, તથા કાર લોન વગેરે માટેની લોન આપવા તેમજ ડીપોઝીટ સ્વિકારવા વગેરે તમામ પ્રકારની કાર્યવાહી વાદી બેન્ક મારફતે કરવામાં આવે છે.

**(૧.૩)** આ કામના પ્રતીવાદી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને ભેંસાણ તાલુકાના બામણગઢ ગામે ખેતીની જમીન આવેલ છે.પ્રતીવાદીને ખેતી–પેદાશના ઉત્પાદન માટે નાણાની જરૂર હોય દર વર્ષ પાક ધિરાણ લઈ નવા જુની કરી આપતા પ્રતીવાદીએ છેલ્લે વાદી બેન્કમાંથી રૂા.૧૦,૧૫,૦૦૦–૦૦ ની લીમીટ વાળી લોન તા.૧૯/૦૬/૨૩ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે લીધેલ હતી જેના લોન ખાતા નં.૫૬૧૪૯૦૪૮૬૭૫ છે.તેમજ બીજી લોન એ.બી.એ.એલ માટેનું ખાતુ ખોલાવેલ જેના ખાતા નં.૩૭૭૩૪૫૨૫૧૮૧ છે.આ એ.બી.એ.એલ લોન તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબ ના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે રૂા. ૩૯૨૦૦૦–૦૦ નું ધીરાણ લીધેલ જે બંન્ને લોન અંગેના જરૂરી તમામ ડોક્યુમેન્ટ બેન્કમાં આવી વાદી બેન્ક જોગ કરી આપેલ.પ્રતીવાદી ભેંસાણ તાલુકાના બામણગઢ ગામે ખેતી કરે છે જે ખેતીની જમીન ખાતા નં.૬૦૭ સર્વે.નં.૩૭૦ (જુના સર્વે. નં.૨૩૪–૫.૨) હે.૦–૩૬–૧૦ તેમજ સર્વે.નં.૩૫૧ (જુના સર્વે.નં. ૨૩૬) હે.૨–૬૭–૦૯ તેમજ સર્વે નં.૩૫૩ (જુના સર્વે.નં.૨૩૫–૫.૧–૫.૨) હે.૦–૩૬–૩૩ થી પીયતની જમીન ધરાવે છે અને ખેતી કરે છે.

**(૧.૪)** પ્રતીવાદીને ખેતી માટે નાણાની જરૂરીયાત હોવાથી વાદી બેન્ક પાસે રૂા. ૧૦,૧૫,૦૦૦–૦૦ ની લોન તા.૧૯/૦૬/૨૩ ના રોજ લીધેલ જે લોનની પરત ચુકવણી એકવર્ષમાં (એટલે તા.૧૯–૦૬–૨૪) સુધીમાં વાદી બેન્કમાં નીયમ મુજબના ચડતા વ્યાજે ભરપાઈ કરવાની હતી તેમજ બીજી લોન એ.બી.એ.એલ લોન તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે બંન્ને લોન લીધેલ જે બંન્ને લોન નીયમ મુજબ પરત ભરપાઈ ન કરતા વાદી બેન્કના એડવોકેટ મારફતે તા.૦૩/૦૭/૨૫ ના રોજ નોટીસ મોકલેલ જે નોટીસ મુજબ પ્રતિવાદીએ અમલવારી ન કરતા તેમજ

પ્રતીવાદીને ઉપરોત બંને લોન અંગે ભરપાઈ કહેવા–કહેવરાવવા છતા ભરપાઈ ન કરતા હાલનો દાવો લાવવાની ફરજ પડી છે.

**(૧.૫)** પ્રતીવાદી બીજી લોન જે એ.બી.એ.એલ તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન પ્રતીવાદીએ તા.૧૭/૦૬/૨૩ ના રોજ રીન્યુ(નવા–જુની) કરી આપેલ હોય તેમજ પાક ધિરાણ પણ છેલ્લે તા.૧૯–૦૬–૨૩ ના રોજ લીધેલ હોય જેથી હાલના દાવા ને મુદત કાંઈ બાંધ નડતો નથી.પ્રતીવાદીએ એ.બી.એ.એલ લોનના ડોક્યુમેન્ટમાં ભેડા મહેન્દ્રભાઈ વી.એમ સહી કરેલ છે.તેમજ પ્રતીવાદીએ જ્યારે બંન્ને લોન તા.૧૭/૦૬/૨૩ તેમજ તા.૧૯/૦૬/૨૩ ના રોજ રીન્યુ કરી આપેલ છે. જેમાં પ્રતીવાદીએ એમ.વી.ભેડા સહી કરી આપેલ છે જે બંન્ને સહી પ્રતીવાદીની જ છે.પ્રતિવાદી ભેંસાણ તાલુકાના બામણગઢ ગામે ખેતી કરે છે જે ખેતીની જમીન ખાતા નં.૬૦૭ સર્વેનં.૩૭૦ (જુના સર્વે.નં.૨૩૪–પ.૨) હે.૦–૩૬–૧૦ તેમજ સર્વે.નં.૩૫૧ (જુના સર્વે.નં.૨૩૬) હે.૨–૬૭–૦૯ તેમજ સર્વે નં.૩૫૩ (જુના સર્વે.નં.૨૩૫–પ.૧–પ.૨) હે.૦–૩૬–૩૩ ની રજી.ગીરો કરી આપેલ જે ગામ નમુના નં.૮ માં નોંધ નં.૫૪૬૯ તા.૧૦/૦૮/૨૩ ના રોજ પ્રમાણીત થયેલ છે.પ્રતીવાદી પાસે હાલ કે.સી.સી. લોન તા.૦૯/૦૧/૨૬ સુધીને ચડત વ્યાજ સહીતની પાકધીરાણની લેણી રકમ રૂા.૧૩,૭૩,૦૮૫–૦૦ પૈસા તથા તા.૧૦/૦૧/૨૬ થી ચડત થતી વ્યાજ સહીતની રકમ તેમજ બીજી લોન એ.બી.એ.એલ લોન ના તા.૦૪/૦૨/૨૬ સુધીના ચડત વ્યાજ સહીતની એ.બી.એ.એલ ની લેણી રકમ રૂા.૫૩૫૦૨૭–૪૬ પૈસા તથા તા.૦૫/૦૨/૨૬ થી ચડત થતી વ્યાજ સહીત ની રકમ વસુલ લેવાની થાય છે.

**(૧.૬)**હાલનો દાવો લાવવાનું કારણ આ કામના પ્રતીવાદીને ભેંસાણ તાલુકા ના બામણગઢ ગામે ખેતી ની જમીન આવેલ છે.પ્રતીવાદીને ખેતી–પેદાશના ઉત્પાદન માટે નાણાની જરૂર હોય દર વર્ષ પાક ધિરાણ લઈ નવા જુની કરી આપતા પ્રતીવાદીએ છેલ્લે વાદી બેન્કમાંથી રૂા.૧૦,૧૫,૦૦૦–૦૦ ની લીમીટ વાળી લોન તા.૧૯/૦૬/૨૩ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબ ના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે લીધેલ હતી જેના લોન ખાતા નં.૫૬૧૪૯૦૪૮૬૭૫ છે. તેમજ બીજી લોન એ.બી.એ.એલ માટે નું ખાતુ ખોલાવેલ જેના ખાતા નં.૩૭૭૩૪ ૫૨૫૧૮૧ છે.આ એ.બી.એ.એલ લોન તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબ ના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે રૂા.૩૯૨૦૦૦–૦૦ નું ધીરાણ લીધેલ જે બંન્ને લોન અંગેના જરૂરી તમામ ડોક્યુમેન્ટ બેન્કમાં આવી વાદી બેન્ક જોગ કરી આપેલ છે.ત્યારથી તેમજ પ્રતીવાદી ભેંસાણ તાલુકા

ના બામણગઢ ગામે ખેતી કરે છે જે ખેતીની જમીન ખાતા નં.૬૦૭ સર્વે.નં.૩૭૦ (જુના સર્વે.નં.૨૩૪–પ.૨) હે.૦–૩૬–૧૦ તેમજ સર્વે.નં.૩૫૧ (જુના સર્વે.નં.૨૩૬) હે.૨–૬૭–૦૯ તેમજ સર્વે નં.૩૫૩ (જુના સર્વે.નં.૨૩૫–પ.૧–પ.૨) હે.૦–૩૬–૩૩ ની રજી.ગીરો કરી આપેલ જે ગામ નમુના નં.૬ માં નોંધ નં.૫૪૬૯ તા.૧૦–૦૮–૨૩ ના રોજ પ્રમાણીત થયેલ છે.ત્યારથી તેમજ પ્રતીવાદીને ખેતી માટે નાણાની જરૂરીયાત હોવાથી વાદી બેન્ક પાસે રૂા. ૧૦,૧૫,૦૦૦–૦૦ ની લોન તા.૧૯/૦૬/૨૩ ના રોજ લીધેલ જે લોનની પરત ચુકવણી એકવર્ષ માં (એટેલે તા.૧૯/૦૬/૨૪) સુધીમાં વાદી બેન્કમાં નીયમ મુજબના ચડતા વ્યાજે ભરપાઈ કરવાની હતી તેમજ બીજી લોન એ.બી.એ.એલ લોન તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે બંને લોન લીધેલ જે બંન્ને લોન નીયમ મુજબ પરત ભરપાઈ ન કરતા વાદી બેન્ક ના એડવોકેટ મારફતે તા.૦૩/૦૭/૨૫ ના રોજ નોટીસ મોકલેલ જે નોટીસ મુજબ પ્રતીવાદીએ અમલવારી ન કરતા તેમજ પ્રતીવાદીને ઉપરોત બંન્ન લોન અંગે ભરપાઈ કહેવા–કહેવરાવવા છતા ભરપાઈ ન કરતા હાલનો દાવો લાવવાની ફરજ પડી છે.ત્યારથી તેમજ પ્રતીવાદીએ એ.બી. એ.એલ લોન ના ડોક્યુમેન્ટર માં ભેડા મહેન્દ્રભાઈ વી.એમ સહી કરેલ છે.તેમજ પ્રતીવાદીએ જયારે બંન્ને લોન તા.૧૭/૦૬/૨૩ ના રોજ રીન્યુ કરી આપેલ છે. જેમાં પ્રતીવાદીએ એમ.વી.ભેડા સહી કરી આપેલ છે જે બંન્ને સહી પ્રતીવાદીની જ છે.ત્યારથી તેમજ પ્રતીવાદી બીજીલોન જે એ.બી.એ.એલ તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન પ્રતીવાદીએ તા.૧૭/૦૬/૨૩ ના રોજ રીન્યુ(નવા–જુની) કરી આપેલ હોય તેમજ પાક ધિરાણ પણ છેલ્લે તા.૧૯/૦૬/૨૩ ના રોજ લીધેલ હોય જેથી હાલના દાવાને મુદત કાંઈ બાંધ નડતો નથી.ત્યારથી તેમજ પ્રતીવાદી પાસે હાલ કે.સી.સી. લોન તા.૦૯/૦૧/૨૬ સુધીના ચડત વ્યાજ સહીતની પાક ધીરાણની લેણી રકમ રૂા.૧૩૭૩૦૮૫–૦૦ પૈ.તથા તા.૧૦–૦૧–૨૬ થી ચડત થતી વ્યાજ સહીત ની રકમ તેમજ બીજી લોન એ.બી.એ.એલ લોન ના તા.૦૪/૦૨/૨૬ સુધીના ચડત વ્યાજ સહીત ની એ.બી.એ.એલ ની લેણી રકમ રૂા.૫૩૫૦૨૭–૪૬ પૈસા તથા તા.૦૫/૦૨/૨૬ થી ચડત થતા વ્યાજ સહીત ની રકમ પ્રતીવાદીએ વાદી બેન્કને વસુલ ન આપતા ડોક્યુમેન્ટની શરતો મુજબ તેમજ પ્રતીવાદીના ખાતાની દરેક નોંધની તારીખથી તેમજ નોટીસની તારીખથી તેમજ ગીરો તારીખથી હાલનો દાવો લાવવાનું કારણ સતત અને એકધારૂ ઉત્પન્ન થતુ રહયુ છે.

**(૧.૭)** દાવા ને મુદત નો કોઈ બાધ નડતો નથી.

(૧.૮) સદર દાવા હકીકતો થકી એવી દાદ નીચે મુજબની માંગેલ છે કે,

**અ)** આ કામના પ્રતિવાદી પાસેથી તેની જાત ઉપરથી તેમજ ભેંસાણ તાલુકાને બામણગઢ ગામે ખેતી કરે છે જે ખેતીની જમીન ખાતા નં.૬૦૭ સર્વે.નં.૩૭૦(જુના સર્વે.નં.૨૩૪–૫.૨) હે૦–૩૬–૧૦ તેમજ સર્વે.નં. ૩૫૧ (જુના સર્વે.નં.૨૩૬) હે.૨–૬૭–૦૯ તેમજ સર્વે નં–૩૫૩ (જુના સર્વે.નં.૨૩૫–૫.૧–૫.૨) હે.૦–૩૬–૩૩ ની જમીન વેંચાણ કરી–કરાવી અમે વાદી બેન્ક નું દાવા મુજબ નું પાક ધિરાણના બાકી **રૂા.૧૩૭૩૦૮૫–** ૦૦ પૈસા તથા તા.૧૦/૦૧/૨૬ થી ચડત થતી વ્યાજ સહીત ની રકમ તેમજ બીજી લોન એ.બી.એ.એલ લોન ના તા.૦૪/૦૨/૨૬ સુધીના ચડત વ્યાજ સહિત ની એ.બી.એ.એલ ની લેણી રકમ **રૂા.૫૩૫૦૨૭–૪૬ પૈસા** તથા તા.૦૫/૦૨/૨૬ થી નીયમ મુજબ ચડત વ્યાજ સહીતની રકમ જે પ્રતીવાદીની જાત ઉપરથી તેમજ તમામ પ્રકારની સ્થાવર–જંગમ મિલ્કત ઉપરથી વસુલ લેવાનું હુકમનામુ કરી આપવા **તેમજ**

**બ)** આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા **તેમજ**

**ક)** આ દાવાની આનુષંગિક જે કાઇ દાદ અપાવી શકાય તેવી દાદ આપવા અરજ ગુજારેલ છે.

(૨) વાદી બેંકના દાવો પરથી દિવાની કાર્યવાહી સંહિતા–૧૯૦૮ ના ઓર્ડર–૫ ની જોગવાઇ મુજબ પ્રતિવાદીને સમન્સ–નોટીસ કરવામાં આવતા અને પ્રતિવાદીને ધોરણસર બજી જતા પ્રતિવાદી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત રહીને વાદીના દાવા અરજીના વિરૂદ્ધમાં કોઇ વાંધા જવાબ રજુ રાખી પોતાનો બચાવ પ્રસ્તુત કરેલ નથી તેમજ પ્રતિવાદીને પોતાનો પક્ષ રજુ કરવા અને પુરાવા પ્રસ્તુત કરવા સબંધે પુરતી અને ન્યાયીક તક્કો આપવા છતા પ્રતિવાદી જાતે કે તેમના તરફેથી કોઇ પ્રતિનીધી ઉપસ્થિત રહેલ ન હોય પ્રતિવાદીનો જવાબ તેમજ પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદીપક્ષેથી પોતાના દાવા હકીકતોના સમર્થનમાં નિચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક પુરાવા**

| અનુક્રમ નંબર | **આંક** | સાહેદનું નામ |
|---|---|---|
| ૦૧ | **૩૦** | વાદી–એસ.બી.આઇ.બેન્કનાઅધિકારી/મેનેજરશ્રી–અમીતકુમારનું સોંગદનામું. |

**દસ્તાવેજી પુરાવા**

| **અનુક્રમ નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત.** |
|---|---|---|
| ૦૧ | **૧૧** | પ્રતિવાદીનું એપ્લીકેશન ફોર્મ(રીન્યુઅલ પાક ધીરાણ) ની ખરી નકલ. |
| ૦૨ | **૧૨** | પ્રતિવાદીનું એપ્લીકેશન ફોર્મ(રીન્યુઅલ–એ.બી.એ.એલ.) ની ખરી નકલ. |
| ૦૩ | **૧૩** | પ્રતિવાદીનો લેટર ઓફ એરેન્જમેન્ટ (એ.બી.એ.એલ. હાયપોથીકેશન એગ્રીમેન્ટ)ની ખરી નકલ. |
| ૦૪ | **૧૪** | ડી.પી.નોટની ખરી નકલ. |
| ૦૫ | **૧૫** | ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ. |
| ૦૬ | **૧૬** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ. |
| ૦૭ | **૧૭** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ. |
| ૦૮ | **૧૮** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ |
| ૦૯ | **૧૯** | પ્રતિવાદીના આધારકાર્ડની ખરી નકલ. |
| ૧૦ | **૨૦** | ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ |
| ૧૧ | **૨૧** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ. |
| ૧૨ | **૨૨** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ. |
| ૧૩ | **૨૩** | ગામ નમુના નં.૭ ની ખરી નકલ. |
| ૧૪ | **૨૪** | ગામ નમુના નં.૬ નોંધ નં.૫૪૬૯ ની ખરી નકલ. |
| ૧૫ | **૨૫** | વાદી બેન્કના એડવોકેટ મારફતે મોકલેલ નોટીસની ખરી નકલ. |
| ૧૬ | **૨૬** | કલોઝર રીપોર્ટની ખરી નકલ. |
| ૧૭ | **૨૭** | પ્રતિવાદીના ખાતાના ઉતારા(એ.બી.એ.એલ.)ની ખરી નકલ. |
| ૧૮ | **૨૮** | કલોઝર રીપોર્ટની ખરી નકલ. |
| ૧૯ | **૨૯** | પ્રતિવાદીના ખાતાના ઉતારા(પાકધીરાણ)ની ખરી નકલ. |

વાદી કંપની તરફે આંક–31 થી કલોઝીંગ પુરશીસ રજુ થયેલ છે. પ્રતિવાદીએ હાજર થઇ કોઇ જવાબ કે પુરાવો રજુ કરેલ નથી.

(૪) વાદીના સદર દાવાના કામે રજુ થયેલ સમગ્ર પુરાવા હકીકતોને ધ્યાને લઇ સદર દાવાના ન્યાયીક નિર્ણય સબબ **આંક–૦૭** થી નીચે મુજબના મુદ્દાઓ મુકરર કરેલા છે.

## –:: મુદ્દા ::–

<u>મુદ્દા નંબર:–૧</u> શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને તેમના ખેત પેદાશના ઉત્પાદન માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં, તેમના તરફથી માંગણી થયે, વાદી બેંકે, રૂા. ૧૦,૧૫,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પંદર હજાર પુરા) ની લોન તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ તેમજ એ.બી.એ.એલ. રૂા. ૩,૯૨,૦૦૦/– (અંકે રૂપિયા તણ લાખ બાણુ હજાર પુરા) ની લોન તા.૦૪/૦૬/૨૦૧૮ ના રોજ પુરી પાડેલ ?

<u>મુદ્દા નંબર:–૨</u> શું વાદી બેંક પુરવાર કરે છે કે,આ કામના પ્રતિવાદી, વાદી બેન્કના કરજદાર હોય,તેઓએ વાદી બેન્કને ધિરાણ અંગેના જરૂરી દસ્તાવેજો કરી આપેલા ?

<u>મુદ્દા નંબર–૩</u> શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીએ ઉપરોકત ધિરાણ સબંધે તેમની ભેંસાણ તાલુકાના બામણગઢ ગામે આવેલ ખેતીની જમીન ખાતા નં.૬૦૭, સર્વે નં. ૩૭૦ ( જુના સર્વે નં. ૨૩૪ પૈકી–૨) હે.૦–૩૬–૧૦ ની તેમજ સર્વે નં.૩૫૧( જુના સર્વે નં.૨૩૬) હે.૨–૬૭–૦૯ ની તેમજ સર્વે નં.૩૫૩( જુના સર્વે નં.૨૩૫ પૈકી–૧, પૈકી–૨) હે.૦–૩૬–૩૩ ની રજીસ્ટર ગીરો કરી આપેલ જેની નોંધ ગામ નમુના નં.૬ માં, નોંધ નં.૫૪૬૯, તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ પ્રમાણીત થયેલ છે ?

<u>મુદ્દા નંબર–૪</u> શું વાદી પુરવાર કરે છે કે, તેઓ આ કામના પ્રતિવાદી પાસેથી ઉપરોકત ધીરાણના રૂા. ૧૩,૭૩,૦૮૫/– (અંકે રૂપિયા તેર લાખ તોતેર હજાર પીંચાસી પુરા) તેમજ એ.બી.એ.એલ. લોનના રૂા.૫,૩૫,૦૨૭–૪૬/–(અંકે રૂપિયા પાંચ લાખ પાવીસ હજાર

સત્યાવીસ અને છેતાલીસ પૈસા પુરા) મળી બન્ને ધિરાણની બાકી પડતી રકમ રૂા.૧૯,૦૮,૧૧૨–૪૬/–(અંકે રૂપિયા ઓગણીસ લાખ આઠ હજાર એકસો બાર અને છેતાલીસ પૈસા પુરા) વસુલ મેળવવા હકકદાર છે ?

<u>મુદ્દા નંબર–પ</u> શું વાદી પુરવાર કરે છે કે, તેઓ તેમની લેણી નિકળતી રકમ ઉપર પ્રતિવાદી પાસેથી વ્યાજ વસુલ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલુ ?

<u>મુદ્દા નંબર–૬</u> શું વાદી દાવા અરજીમાં જણાવેલ દાદ મેળવવા હકકદાર છે ?

<u>મુદ્દા નંબર–૭</u> શું હુકમ અને હુકમનામું ?

(પ) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

મુદ્દા નંબર–૧ હકારમાં.

મુદ્દા નંબર–૨ હકારમાં.

મુદ્દા નંબર–૩ હકારમાં.

મુદ્દા નંબર–૪ હકારમાં

મુદ્દા નંબર–પ હકારમાં, વાર્ષીક ૦૬% ના વ્યાજ દરે.

મુદ્દા નંબર–૬ અંશત:હકારમાં.

મુદ્દા નંબર–૭ આખરી હુકમ મુજબ.

**(૬) ઉપરોકત મુદ્દાના મારા કારણો નીચે મુજબ છે.**

**<u>મુદ્દા નંબર–૧ થી ૬ ::–</u>**

સદર મુદ્દા નંબર–૧ થી ૬ પરસ્પર એકબીજાની સાથે સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન ન થાય તેથી સરળતા ખાતર ઉપરોકત મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

**<u>–:: કારણો ::–</u>**

**(૭) ભારતીય પુરાવાનાં કાયદાની કલમ–૩ મુજબ સાબિત થયેલ ની વ્યાખ્યા આ પ્રમાણે છે.**

Proved" . —A fact is said to be proved when, after considering the matters before it, the Court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટનાં ચુકાદાNarayan Ganesh Dastane Vs. Sucheta Narayan Dastane, 1975 AIR 1534, માં જણાવ્યા પ્રમાણે સીવીલ પ્રોસીડીંગ્ઝમાં,**A fact can be said to be established if it is proved by "preponderance of probabilities".**

**(૮)** આ કામે વાદી પક્ષે દાવાના સમર્થનમાં **આંક-30** થી વાદી બેંકના મેનેજરશ્રી અમિતકુમારનું સર તપાસનું સોંગદનામું રજુ કરેલ છે અને તેમાં મુખ્યત્વે દાવા અરજીના કામે જણાવેલ વિગતોનું વર્ણન કરતાં કથનો કરેલ છે અને સદર કામે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓને આંક આપવા વિનંતી કરતાં તે હેઠળ થયેલ હુકમ મુજબ વાદી બેંક તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓને આંક આપવામાં આવેલ છે. વધુમાં વાદીબેંકના મેનેજર અને મુખત્યારે વાદીનો દાવો મંજુર કરી દાવા અરજી મુજબની બાકી લેણી રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ થઇ શકે તેવું હુકમનામું વાદીની તરફેણમાં તથા પ્રતિવાદીની વિરૂદ્ધમાં કરી આપવા અરજ કરેલ છે. સદર વાદીના સાહેદની ઉલટ તપાસ પ્રતિવાદી તરફે કરવામાં આવેલ નથી કે વાદીના કે વાદીના સાહેદની સર તપાસને પડકારેલ નથી.પ્રતિવાદીને સમન્સની ધોરણસરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત રહીને વાદીના દાવા હકીકત કે રેકર્ડ પર રજુ પુરાવા હકીકતોને પડકારવામા સબંધે ઉપસ્થિત રહેલ નથી.આમ,આ કામના પ્રતિવાદી દાવાના કોઇપણ તબક્કે કોર્ટ સમક્ષ વાદીના દાવાનો જવાબ પ્રતિવાદી પક્ષે રજુ રાખેલ ન હોય અત્રેની કોર્ટે હુકમ કરી વાદીના દાવાનો જવાબ રજુ રાખવાનો તેમજ પ્રતિવાદીનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૯)** આમ, આ કામે પ્રતિવાદીને આંક–૦૫થી દાવા નો સમન્સ ધોરણસર બજી ગયેલ છે અને ત્યારબાદ તેઓને પુરતી તક એટલે કે મુદત અરજી આપ્યા વિના મુદત આપવા છતાં, પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી સાથે, આ કોર્ટ સમક્ષ હાજર થયેલા નથી જેથી સદરહું દાવાની ન્યાયીક કાર્યવાહી, એકતરફી ચલાવવાનો હુકમ આંક–૦૬ ની અરજી હેઠળ કરવામાં આવેલ.

**(૯.૧)** હવે, આ કામમાં રજુ અનુક્રમે **આંક–૧૧ થી આંક–૨૯** સુધીના દસ્તાવેજી પુરાવાઓ કે જે વાદી બેંકના સાહેદે તેમની કસ્ટડીમાંથી રજુ કરેલા છે,પોતાનાં સોગંદનામામાં રીફર કરેલા છે તેમજ સદર દસ્તાવેજો પર વાદી બેંકના અધિકારી તેમજ પ્રતિવાદીની સહીઓ હોવાનું રેકર્ડ ઉપર જણાય આવે છે ત્યારે તે યોગ્ય રીતે વાદી બેંક દ્વારા પુરવાર કરવામાં આવેલ હોઈ, સદર દસ્તાવેજો નહી માનવાને રેકર્ડ પર કોઈ જ કારણ જણાતું નથી.
વધુમાં, અહીં આ તબક્કે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૪ ની જોગવાઈઓનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

**<u>કલમ–૩૪</u> ::–**

હિસાબી ચોપડામાં થયેલ નોંધ–એન્ટ્રીઓ (જેમાં ઈલેકટ્રોનીક ફોર્મમાં હોય તે સહિત) કયારે સુસંગત બને. વેપાર વ્યવસાયની રીત રસમ મુજબ નિયમિત રીતે રાખેલા હિસાબના ચોપડામાં નોંધો કે એન્ટ્રીઓ જે બાબત અંગેની કોર્ટે તપાસ કરવાની હોય તે બાબત સંબંધી હોય તો તે પ્રસ્તુત છે પરંતુ સદરહુ કથનો જ માત્ર કોઈ ઉપર જવાબદારી નાંખવા પુરતા ગણાશે નહીં.

**(૯.૨)** વધુમાં બેંકર્સ બુકસ એવીડન્સ એકટ પ્રમાણે બેંકમાં રાખવામાં આવતા હિસાબોની વિશ્વસનીયતા પ્રાથમિક રીતે જ સ્વીકાર્ય બને છે.

**The Bankes Book Evidence Act, 1891**

**Under section-4** of this act, a certified copy of any entry in a banker's book is received as prima facie evidence of this existence of such entry and is admissible to the same extent as the original entry itself.

**Under section-2(8)** any Principal officer or Manager of the Bank can certify these records.

The Law recognizes the office of Manager, not the specific individual. Therefore, the new manager is also fully competent to occupy the witness box, produce certified copies,statements of accounts and depose on behalf of bank.

ઉપરાંત, એવો પુરાવો આ કલમ–34 ઉપરાંત ભારતીય પુરાવાના કાયદાની કલમ–16/ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–14 પ્રમાણે પણ ગ્રાહ્ય બને છે.

**ભારતીય સાક્ષ્ય અધિનિયમ–2023 નાં Chapter -2 Relevancy of facts.**

**Section.14- Existence of course of business when relevant-**

When there is a question whether a particular act was done, the existence of any course of business, according to which it naturally would have been done, is a relevant fact.

આમ રજુ કરેલ દસ્તાવેજોની વિશ્વસનીયતા પ્રાથમીક રીતે જ સ્વીકાર્ય બને છે.

નાના દુકાનદારે સાવા કઢંગી રીતે જાળવેલ હિસાબોની નોંધ પણ જો તે અધિકૃત હોય તો, પુરાવામાં ગ્રાહ્ય બની શકે છે જયારે હાથ ઉપરના દાવામાં તો વાદી એક બેંક છે અને કંપની એકટ–૧૯૫૬ તેમજ બેંકીંગ રેગ્યુલેશન એકટ–૧૯૪૯ અનુસાર પોતાનો વ્યવસાય ચલાવે છે.જેથી ભારતીય પુરાવાના કાયદાની જોગવાઇઓ મુજબ સદર દસ્તાવેજો નહીં માનવાને કોઇ કારણ નથી અને પ્રતિવાદીએ આવા દસ્તાવેજોને પડકારેલા પણ નથી કે તે સંબંધેનો કોઇ જ ખંડનાત્મક પુરાવો પણ રજુ રાખેલ નથી.

(૯.૩) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

**In Iqbal Basith vs N. Subbalakshmi - 2020(0) AIJEL-SC 66820, Civil Appeal No.1725 of 2010 decided on 14th December, 2020**

**And**

**Iswar Bhai C. Patel vs. Harihar Behera, (1999) 3 SCC 457 Civil Appeal NO.1417 Of 1982, * J. Date March 16,1999,** The Hon'ble Supreme Court observed as follows:

"17…..Having not entered into the witness box and having not presented himself for cross-examination, an adverse

presumption has to be drawn against him on the basis of the principles contained in Illustration (g) of Section 114 of the Evidence Act, 1872."

**In case of Vidhyadhar V/s. Manik Rao civil appeal no.1534 of 1999 * J.Date: March-17 ,1999** reported in 1999 (3) SCC-573 " Evidence Act, 1872 section. 3 and 114 code of civil procedure, 1908 order-17, rule 3A when a party to the suit does not step into the witness box nor offer himself for cross examination, presumption would arise that his say is not correct.

**Para -16.**

Where a party to the suit does not appear into the witness box and states his own case on oath and does not offer himself to be cross examined by the other side, a presumption would arise that the case set up by him is not correct as has been held in a series of decisions passed by various High courts and the Privy Council beginning from the decision in Sardar Gurbaksha Singh V/s. Gurdial Singh, AIR 1927 PC 230. This was followed by the Lahore High Court in Kirpa Singh V/s. Ajaipal Singh,AIR 1930 Lahore 1 and the Bombay High Court in Martand Pandharinath Chaudhari V/s. Radhabai Krishnarao Deshmukh, AIR 1931 Bombay 97. The Madhya Pradesh High Court in Gulla Kharagjit Carpenter V/s. Narsingh Nandkishore Rawat, AIR 1970 Madh Pra 225, also followed the Privy Council decision in Sardar Gurbakhsh Singh's case (AIR 1927 PC 230) (supra). The Allahabad High Court in Arjun Singh V/s. Virender Nath, AIR 1971 Allahabad 29 held that if a party abstains from entering the witness box, it would give rise to an inference adverse against him. Similarly, a Division Bench of the Punjab and Haryana High Court in Bhagwan Dass V/s. Bhishan Chand, AIR 1974 Punj and Har 7, drew a presumption under Section 114 of the Evidence Act against a party who did not enter into the witness box.

(૯.૪) આ સંજોગોમાં AIR 2006 MADHYA PRADESH 58 "Bank of India Vs. S. K. Mukherjee & Anr." નો ચુકાદો ધ્યાને લેતા નામદાર મધ્યપ્રદેશ હાઇકોર્ટે ભારતીય પુરાવાના કાયદાની કલમ-૧૧૪ ધ્યાને લઇ ઠરાવેલ છે કે, જે વ્યકિત કેસની ચોક્કસ હકીકત જાણતો હોય અને વાજબી કારણ વગર સાક્ષીના પાંચજરામાં આવેલ ન હોય તો તે વ્યકિતની વિરૂદ્ધમાં અનુમાન કરવું જોઇએ. આમ, સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત તથા કોડ ઓફ સિવીલ પ્રોસીઝર ના ઓર્ડર-૮ રૂલ્સ-૧૦ ની જોગવાઇ ધ્યાને લેતા પણ આ કામે વાદીએ પોતાના દાવાની હકીકતો સાબિત કરવા જે મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે તેને પ્રતિવાદી તરફે પડકારવામાં આવેલ નથી. જેથી સદર પુરાવાઓને ન માનવાને કોઇ કારણ નથી.

(૯.૫) ઉપરાંત નામદાર ગુજરાત હાઇકોર્ટનો નીચે જણાવેલ ચુકાદો પણ હાથ ઉપરના કેસમાં લાગું પડે છે. જેના પેરા–૧૧, ૧૪ અને ૨૮ ધ્યાને લીધા. જે નીચે મુજબ છે.

**Jay Ambe Industries Proprietor Shri Dineshkumar bajranglal Somani**

**Versus**

**Garnet Specialty Paper Ltd.**

***2022 (3) GLR 1938***

**Judgment Dt.07/01/2022**

11."The short question that falls for our consideration is, whether the trial court was justified in dismissing the suit instituted by the plaintiff, despite there being no denial and/or no rebuttal evidence led by the respondent-original defendant. "

14. "At the outset we may take notice of the fact that the respondent-original defendant had not appeared before the trial court as well as before this Court so as to put-forth his defense. In other words, the pleadings of the plaint and evidence so adduced remained uncontroverted all throughout. Thus, the suit for recovery of dues based on documentary evidence such as invoices, duly signed and acknowledged delivery chalan and ledger account, has not been disputed by the respondent defendant."

28."To hold that a particular document is not admissible for proof of its contents unless the writer is called, is to denude the documentary evidence of all its value and is clearly contrary to certain express statutory provisions to be found in the Evidence Act, more particularly, Section 59 of the Evidence Act. In our opinion, the documentary evidence becomes meaningless if to prove it in every case by way of oral evidence of its contents. If that is the position, it would mean that, in the ultimate, the analysis of the evidence must be oral and that the oral evidence would virtually be the only kind of evidence recognized by law, however, that is not the position under the Evidence Act. The definition of the term evidence in Section 3 of the Evidence Act lays down that evidence means and includes statements made by the witnesses, which are called oral evidence, and documents produced before the court, which are called documentary evidence. A bare perusal of Section 59 of the Evidence Act states that all facts, except the contents of documents, may be proved by oral evidence. Needless to say, that once the documents is proved in the manner provided under the provisions of the Evidence Act, the contents of that documents are also proved. It is for that reason that the Evidence Act advisedly lays down that the contents of a document can be proved by proving the document in the usual manner, a proposition that emerges unequivocally from a combined reading of Sections 59, 61 and 62 of that Act. Thus, according to us, the trial court should have believed the documents of invoices, such as invoices of the delivery chalan and ledger account, in absence of any dispute or rebuttal evidence submitted by the respondent-original defendant. Once the document has been exhibited, the initial burden of proof could be said to have been discharged by the original plaintiff. The original defendant was expected to deny the same with cogent rebuttal

evidence, but having failed in submitting the rebuttal evidence, the trial court could not have ignored the exhibited evidence/undisputed evidence merely because there was no oral evidence in the form of examination of any evidence by the witness in support of the documentary evidence.

(૧૦) સદરહું દાવામાં પણ પ્રતિવાદી કોર્ટમાં ઉપસ્થિત રહેલ નથી કે કોઇ રજુઆત કરેલ નથી કે દાવા અરજીનો કોઇ જવાબ રજુ કરેલ નથી કે વાદીની સર તપાસના સોંગદનામાંને પડકારેલ નથી. **આ કામમાં રજુ થયેલ તમામ દસ્તાવેજો ધ્યાને લેતા દાવા અરજી તથા પુરાવાના સોંગદનામામાં જણાવ્યા પ્રમાણે હોય દાવા અરજીમાં જણાવવામાં આવેલ હકીકત મુજબની વિગત રજુ દસ્તાવેજો ઉપરથી જણાઇ આવે છે ત્યારે ભારતીય પુરાવાના કાયદાની કલમ–૧૦૧ ની જોગવાઇ મુજબ વાદીએ પોતાના ઉપર રહેલ સાબિતીનો બોજો પોતાના શીરેથી ઉતારેલ છે અને દાવા અરજીમાં જણાવેલ હકીકત મુજબના જરૂરી તત્વો તથા વિગતો રજુ પુરાવાથી રેકર્ડ ઉપર માનવા યોગ્ય અને સાચી ફલીત થતી હોય ત્યારે તે માનવા યોગ્ય નથી તેવું પુરવાર કરવાની જવાબદારી ભારતીય પુરાવાના કાયદાની કલમ–૧૦૨ ની જોગવાઇ મુજબ પ્રતિવાદીની છે. પરંતુ પ્રતિવાદી આ કામે હાજર રહેલ નથી ત્યારે રેકર્ડ ઉપર લાવેલ હકીકત તથા પુરાવો ન માનવાનું કારણ જણાઈ આવતું નથી.** આમ, વાદીએ તેના દાવા તથા સોંગદનામામાં જણાવ્યા મુજબ **દાવાઅરજીમાં જણાવેલ તારીખે પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી તા.૧૯/૦૬/૨૦23 ના રોજ રૂા.૧૦,૧૫,૦૦૦–૦૦ (અંકે રૂપિયા દસ લાખ પંદર હજાર પુરા)ની લોન મેળવેલ છે જે આંક–11 થી રજુ થયેલ દસ્તાવેજથી સ્પષ્ટપણે જણાય છે તેમજ બીજી લોન એ.બી.એ.એલ માટે નું ખાતુ ખોલાવેલ જેના ખાતા નં.૩૭૭૩૪ ૫૨૫૧૮૧ છે.આ એ.બી.એ.એલ લોન તા.૦૪/૦૬/૧૮ ના રોજ લીધેલ જે લોન નીયમ મુજબ ના ચડતા વ્યાજે પરત ભરપાઈ કરવાની શરતે રૂા.૩૯૨૦૦૦–૦૦ નું ધીરાણ લીધેલ અને તે લોન તા.17/06/2023 નાં રોજ રીન્યુ કરી આપેલ છે જે આંક–12 થી રજુ થયેલ દસ્તાવેજથી સ્પષ્ટપણે જણાય છે.આંક–13 થી હાયપોથીકેશન એગ્રીમેન્ટ રજુ છે,આંક–14 થી ડીપી નોટ દસ્તાવેજી પુરાવામાં રજુ છે,**

(૧૦.૧) આ કામના પ્રતિવાદીએ ઉપરોકત ધિરાણ સબંધે તેમની ભેંસાણ તાલુકાના બામણગઢ ગામે આવેલ ખેતીની જમીન ખાતા નં.૬૦૭, સર્વે નં.

૩૭૦ ( જુના સર્વે નં. ૨૩૪ પૈકી–૨) હે.૦–૩૬–૧૦ ની તેમજ સર્વે નં.૩૫૧( જુના સર્વે નં.૨૩૬) હે.૨–૬૭–૦૯ ની તેમજ સર્વે નં.૩૫૩( જુના સર્વે નં.૨૩૫ પૈકી–૧, પૈકી–૨) હે.૦–૩૬–૩૩ ની રજીસ્ટર ગીરો કરી આપેલ જેની નોંધ ગામ નમુના નં.૬ માં, નોંધ નં.૫૪૬૯, તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ પ્રમાણીત થયેલ છે તે હકીકત પણ **આંક–21 થી આંક–24 થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે.** જેથી મુદ્દાનંબર–1 થી 3 નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૦.૨) વાદી બેંકના રૂ.૧૯,૦૮,૧૧૨–૦૦ (અંકે રૂપિયા ઓગણીસ લાખ આઠ હજાર એકસો બાર પુરા)ખર્ચ તથા પેનલ્ટી વ્યાજ સાથે ભરપાઈ કરવાની બાકી લેણા નિકળતા હોય તેવુ વાદીએ જણાવેલ છે જે આંક–26 થી આંક–29 થી રજુ દસ્તાવેજી પુરાવા જોતાં પુરવાર થયેલ હોવાનું માનવાને કારણ છે. જેથી મુદ્દાનંબર–4 નો જવાબ હકારમાં ઠરાવું છું.**

**(૧૧)** આ કામે વાદી બેંકે પ્રતિવાદી પાસેથી લેણી થતી રકમ વસુલ અપાવવા અને આ રકમ ઉપર દાવા તારીખથી રકમ વસુલ થથા સુધી 12% વ્યાજ સહિત વાદી બેંકને વસુલ અપાવવા અરજ કરેલ છે. આ તબક્કે દિવાની કાર્યવાહી સંહિતાની કલમ–૩૪ ધ્યાને લેવી જરૂરી છે.

Section-34 - Interest

(1) Where and in so far as a decree is for the payment of money, the Court may, in the decree, order interest at such rate as the Court deems reasonable to be paid on the principal sum adjudged,from the date of the suit to the date of the decree, in addition to any interest adjudged on such principal sum for any period prior to the institution of the suit, with further interest at such rate not exceeding six per cent per annum, as the court deems reasonable on such principal sum, from the date of the decree to the date of payment, or to such earlier date as the court thinks fit:

Provided that where the liability in relation to the sum so adjudged had arisen out of a commercial transaction, the rate of such further interest may exceed six per cent per annum, but shall not exceed the contractual rate of interest

or where there is no contractual rate, the rate at which moneys are lent or advanced by nationalized banks in relation to commercial transactions.

Explanation I: In this sub-section, "nationalized bank" means a corresponding new bank as defined in the Banking Companies (Acquisition and Transfer of Undertakings) Act, 1970 (5 of 1970).

Explanation II: For the purposes of this section, a transaction is a commercial transaction, if it is connected with the, industry, trade or business of the party incurring the liability.

(2) Where such a decree is silent with respect to the payment of further interest on such principal sum from the date of the decree to the date of payment or other earlier date, the court shall be deemed to have refused such interest, and a separate suit there for shall not lie.

આમ, હાથ ઉપરના દાવાની હકીકતો, રેકર્ડ તેમજ કોડ ઓફ સીવીલ પ્રોસીઝરની કલમ–૩૪ ધ્યાને લેતાં વાદી પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ ઉપર વાર્ષીક ૬% (છ) ના દરે વ્યાજ વસુલ મેળવવા હક્કદાર છે તેમ ઠરાવવું **ન્યાયોચીત જણાય છે ત્યારે ઉકત મુદ્દા નંબર–5 નો નિર્ણય હકારમાં ઠરાવી વાદી બેંક પ્રતિવાદી પાસેથી બાકી લેણી રકમ રૂ.૧૯,૦૮,૧૧૨–૪૬ (અંકે રૂપિયા ઓગણીસ લાખ આઠ હજાર એકસો બાર અને છેતાલીસ પૈસા પુરા )ઉપર વાર્ષીક ૬% (છ ટકા)લેખે રકમ** વસુલ થતાં સુધી વ્યાજ વસુલ મેળવવા હક્કદાર હોવાનું આથી ઠરાવી આપવામાં આવે છે.

**(૧૨)** ઉપરોકત વિગતોએ મુદ્દા નંબર–૧ થી ૬ નાં પરીણામ સ્વરૂપ તેમજ વાદી બેંકે સદરહું દાવો પ્રતિવાદીની કસુરના કારણે કરવો પડેલ હોય અને પ્રતિવાદી દાવાના કામે હાજર થયેલા ન હોય દાવાનું સ્વરૂપ જોતા દાવા અંગે માંગેલ ખર્ચ મંજુર કરવો યોગ્ય, વાજબી તેમજ ન્યાયોચીત જણાતું હોય મુદ્દા નંબર–૭ નો નિર્ણય અંશત:હકારમાં ઠરાવી મુદ્દા નંબર–૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) વાદી બેંકનો હાલનો આ દાવો અંશત: મંજુર રાખવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ દાવા અરજીમાં જણાવેલ લેણી રકમ **રૂા.૧૯,૦૮,૧૧૨–૪૬ (અંકે રૂપિયા ઓગણીસ લાખ આઠ હજાર એકસો બાર અને છેતાલીસ પૈસા પુરા)** દાવા તારીખથી વસુલ થતાં સુધી વાર્ષિક ૬% (છ ટકા)ના વ્યાજ સાથે વાદી બેંકને ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે તથા તેવી રકમ પ્રતિવાદી પાસેથી તેમની જાત તથા મિલ્કતથી વસુલ મેળવી શકે તેવું વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં હુકમનામું કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) દાવાનું સ્વરૂપ જોતાં વાદી બેંકના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવવું.

(૪) આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ–૨૯મી માહે–જુન,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ–૨૯/૦૬/૨૦૨૬
સ્થળ–ભેસાણ

(ભાસ્કરકુમાર રમેશભાઇ કારીયા)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
તા.ભેસાણ, જી. જુનાગઢ
જજ કોડ–જી.જે.૦૧૬૨૬